**TERMS AND CONDITIONS OF E-AUCTION SALE :1.** The sale shall be subject to the Terms & Conditions prescribed in the Security Interest (Enforcement) Rules 2002 and to the following further conditions. (1) The auction sale will be "online through e-auction" portal **http://www.mstcecommerce.com/** 2. The intending Bidders/ Purchasers are requested to register on portal (https:www.mstcauction.com) using their mobile number and email-id. Further, they are requested to upload requisite KYC documents. Once the KYC documents are verified by e-auctionservice provider (may take 2 working days), the intending Bidders/ Purchasers has to transfer the EMD amount using online mode in his Global EMD Wallet by **11.08.2021** by 4.00 PM before the e-Auction Date and time in the portal. The registration, verification of KYC documents and transfer of EMD inwallet must be completed well in advance, before auction. **3.** Earnest Money Deposit (EMD) amount as mentioned above shall be paid online through 3 mode i.e. NEFT/ Cash/ Transfer (After generation of Challan from (https:www.mstcecommerce.com) in bidders Global EMD Wallet. NEFT transfer canbe done from any Scheduled Commercial Bank, however for Cash/ Transfer the bidder has to visit Punjab National Bank Branch. Payment of EMD by any other mode such as Cheques will not be accepted. Bidders, not depositing the required EMD online, will not be allowed to participate in the e-auction.The Earnest Money Deposited shall not bear any interest. **4.** Platform **(https:www.mstcecommerce.com) for e-Auction will be provided by e Auction service provider M/S MSTC Limited having its Registered office at 225-C, A.J.C. Bose Road, Kolkata-700020 (contact Phone & Toll free Numbers079-41072412/ 411/ 413 or 1800-103-5342). The intending Bidders/ Purchasers are required to participate in the e-Auction process at e-Auction Service Provider's website https:www.mstcecommerce.com. This Service Provider will also provide online demonstration/ training on e-Auction on the portal. 5.** The Sale Notice containing the General Terms and Conditions of Sale is available / published in the following websites/ web page portal. **(1) https://www.ibapi.in (2) https://eprocure.gov.in/epublish/app (3) http://www.mstcecommerce.com/. (4) www.pnbindia.in, 6.** The intending participants of e-auction may download free of cost, copies of the Sale Notice, Terms & Conditions of e-auction, Help Manual on operational part of e-Auction related to this e-Auction from e-BH«$¶–IBAPI portal (https://www.ibapi.in). **7.** The intending Bidders / Purchasers are requested toregister on portal (https:www.mstcauction.com) using their mobile number and email-id. Further, they will upload the requisite KYC documents. Once the KYC documents are verified by e-auction service provider (may take 2 working days),the intending Bidders/Purchasers has to transfer the EMDamount using online mode in his Global EMD Wallet. Only after having sufficient EMD in his Wallet, the interest bidder will be able to bid on the date of e-auction. **8.** Bidder's Global Wallet should have sufficient balance (>=EMD amount) at the time of bidding. **9.** During the e-auction bidders will be allowedto offer higher bid in inter-se bidding over and above the last bid quoted and the minimum increase in the bid amount must be **as per collumn C of the Reserve Price** to the last higher bid of the bidders. Ten minutes time will be allowed to bidders to quote successive higher bid and if no higher bid is offered by any bidder after theexpiry of ten minutes to the last highest bid, the e-auction shall be closed. **10.** It is the responsibility of intending Bidder(s) to properly read the Sale Notice, Terms & conditions of e-auction, Help Manual on operational part of e-Auction and follow them strictly. (1) In case of any difficulty or need ofassistance before or during e-Auction process may contact authorized representative of our e-Auction Service Provider **(https: http://www.mstcecommerce.com/).** Details of which are available on the e-Auction portal. **11.** After finalization of e-Auction by the Authorized Officer, only successful bidderwill be informed by our above referred service provider through SMS/ email. (On mobile no/ email address given by them/ registered with the service provider). **12.** The secured asset will not be sold below the reserve price. **13.** The successful bidder shall have to deposit 25% (twenty five percent) of thebid amount, less EMD amount deposited, on the same day or not later than the next working day and the remaining amount shall be paid within 15 days from the date of auction in the form of Banker's Cheque/ Demand Draft issued by a Scheduled Commercial Bank drawn in favour of "The Authorized Officer, Punjab National Bank, A/c (Name of the A/C) Payable at In case of failure to deposit the amounts as above within the stipulated time, the amount deposited by successful bidder will be forfeited to the Bank and Authorized Officer shall have the liberty to conduct a fresh auction/ sale of the property &the defaulting bidder shall not have any claim over the forfeited amount and the property. **14.** Payment of sale consideration by the successful bidder to the bank will be subject to TDS under Section 194- 1A of Income Tax Act 1961 and TDS is to be made by the successful bidder only at the time of deposit ofremaining 75 % of the bid amount/full deposit of BID amount. **15.** The Authorized Officer reserves the right to accept any or reject all bids, if not found acceptable or to postpone/cancel/adjourn/discontinue or vary the terms of the auction at any time without assigning any reason whatsoever and hisdecision in this regard shall be final. **16.** The sale certificate shall be issued in the favor of successful bidder on deposit of full bid amount as per the provisions of the act. **17.** The properties are being sold on **"AS IS WHERE IS BASIS" and "AS IS WHAT IS BASIS" and "WHATEVER THERE IS BASIS" 18.** The particulars of Secured Assets specified in the Schedule hereinabove have been stated to the best of the information of the Authorised Officer, but the Authorised Officer shall not be answerable for any error, misstatement or omission in this proclamation. **19.** It shall be the responsibility of the bidders toinspect and satisfy themselves about the asset and specification before submitting the bid. The bidder inspect the property in consultation with the dealing official as per the details provide. **20.** All statutory dues/attendant charges/other dues including registration charges, stamp duty, taxes etc. shall haveto be borne by the purchaser. **21.** The Authorized Officer or the Bank shall not be responsible for any charge, lien, encumbrances, or any other dues to the Government or anyone else in respect of properties (E-Auctioned) not known to the bank. The Intending Bidder is advised to make their ownindependent inquiries regarding the encumbrances on the property including statutory liabilities, arrears of property tax, electricity dues etc. **22.** The bidder should ensure proper internet connectivity, power back-up etc. The Bank shall not be liable for any disruption due to internet failure, power failure ortechnical reasons or reasons/contingencies affecting the e-auctions. **23.** It is open to the Bank to appoint a representative and make self-bid and participate in the auction. **24.** The Sale will be done by the undersigned through e-auction platform provided at the Website **https://www.mstcecommerce.com** on 12.08.2021 @ 11.00 AM. **25.** In case of any objection, representation or any other correspondence related to the IP put on auction, please contact or write to the responsible Authorized Officer as mentioned in front of respective property. **26.** For detailed term and conditions of the sale, please referwww.ibapi.in, www.tenders.gov.in, www.mstcecommerce.com, https://eprocure.gov.in/epublish/app. • **For any query you may contact our Authorised Officer Mr. Ashok Ahuja (9892968085) • Details of the encumbrances known to the secured creditors : Not Known**

**(STATUTORY 30 DAYS SALE NOTICE UNDER RULE 8(6) OF THE SARFAESI SECURITY INTEREST (ENFORCEMENT) RULES ,2002)** **STATUTORY SALE NOTICE UNDER RULE 8(6) OF THE SARFAESI ACT, 2002**

**Date : 10.07.2021 Place : Vadodara** **Authorized Officer, Punjab National Bank, Secured Creditor**

### સરકારે હાઈકોર્ટમાં સ્વીકાર્યું, ૯૦ ટકા બિલ્ડિંગ્સને ઇઝ મળી શકે એમ નથી

# ફાયર સેફ્ટીને લઇ ગુજરાત હાઈકોર્ટ લાલઘુમ- ફક્ત કાયદાથી નહીં ચાલે કોઇ નક્કર પગલાં લો

(પ્રતિનિધિ) અમદાવાદ,તા.૯

રાજ્યના અનેક શહેર અને જિલ્લામાં બેરોકટોક ચાલતા ગેરકાયદે બાંધકામો અને ફાયર સેફ્ટી વિનાની હોસ્પિટલો તથા અન્ય એકમો સામે ગુજરાત હાઇકોર્ટે લાલ આંખ કરી છે અને રાજ્યમાં અવારનવાર બનતી આગની ઘટનાઓને ધ્યાનમાં લઇ રાજ્યસરકારને ફાયર સેફ્ટીના નિયમની યોગ્ય અમલવારી માટે સુચન પણ કર્યું છે. ગુજરાત હાઇકોર્ટે આજે સુનાવણી દરમિયાન રાજ્યસરકારની ઝાટકણી કાઢતા સાફ શબ્દોમાં કહ્યું કે, ફાયર સેફ્ટી એક્ટની યોગ્ય અમલવારી જરૂરી છે. ફાયર સેફ્ટી એક્ટ લાગુ થયા બાદ ગેરકાયદેસર ઇમારતો મામલે બિલ્ડર અને અધિકારીઓ સામે પગલા લેવાયા હોય એવી માહિતી આપો. ફક્ત કાયદાથી નહીં ચાલે કોઇ નક્કર પગલા લેવાય એ જરૂરી છે.

ફાયર સેફ્ટી મુદ્દે હાઇકોર્ટમાં થયેલી સુનાવણી દરમિયાન એડવોકેટ જનરલે જણાવ્યું હતું કે, આ મુદ્દે રાજ્યસરકાર સક્રિય વિચાર સાથે કામ કરી રહી છે. ત્યારે હાઇકોર્ટે કહ્યું કે, અમે એજ કહીએ છીએ કે રાજ્યસરકાર સક્રિય રીતે આ મામલે શું કરી રહી છે. કોઇ પરિવર્તન થયું હોય તેવું દેખાતું નથી રહ્યું.

એડવોકેટ જનરલે કહ્યું કે, અમે નોટિસ આપી રહ્યા છીએ કે તમારું કન્સ્ટ્રક્શન પ્લાન મુજબ કરો નહીં તો સમય બાદ ડીમોલિશ કરીશું અથવા ઓર્ડિનન્સ્ લાવીશું. સરકારે બિલ્ડીંગ યુઝ પરમિશન વિનાની ૯૦ ટકા બિલ્ડિંગ્સને ઇઝ મળી શકે એમ જ ન હોવાનો સ્વીકાર કર્યો હતો. જેના સંદર્ભમાં ગુજરાત હાઇકોર્ટે એવો સવાલ કર્યો હતો કે, જી.ડી.સી.આર. મુજબ ના થતું હોય તો સમય આપવાનો અર્થ શું છે. તાત્કાલિક પગલા નહીં ભરો તો કંઇ નહીં થાય અને ફરીથી આ જ પ્રકારની સ્થિતિ આવશે. કોર્ટે એમ પણ કહ્યું કે, આ પહેલા પણ અનિયમિત બાંધકામોને નિયમિત કરવા બાબતનો કાયદો લાવ્યા હતા તેનું શું થયું? અધિકારીઓએ પોતાનું કામ કર્યું છે અને જેમણે નથી કર્યું તેમની સામે શું પગલા લઈ રહ્યા છો? કેટલા બિલ્ડર્સ સામે કાર્યવાહી કરી?. જે લોકો હેતુ ફેર કરીને બિલ્ડીંગનો ઉપયોગ કરી રહ્યા છે, જ્યારે તે બિલ્ડીંગ ઓક્યુપાય કરે ત્યારે ઇઝના હોય તો ગટર,પાણી અને વીજળીના કનેક્શન શા માટે કાપતા નથી?

કોર્ટે હાલના અનિયમિત બાંધકામો બાબતે યોગ્ય રસ્તો કાઢવા અને ભવિષ્યમાં હાલ જેવી પરિસ્થિતિ ઉભી ના થાય એનો કાયમી ઉકેલ લાવવા આખરી તક તરીકે એક મહિનાનો સરકારને સમય આપ્યો હતો.

# જામનગર ખાતે બાલાચડી સૈનિક સ્કૂલ દ્વારા હીરક જયંતિની ઉજવણી




અમદાવાદ, ૦૯

જામનગર ખાતે આવેલી બાલાચડી સૈનિક સ્કૂલ દ્વારા ૦૮ જુલાઇના રોજ હીરક જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ મુખ્ય અતિથિ તરીકે આ પ્રસંગને શોભાવ્યો હતો જ્યારે સાંસદ (લોકસભા) પૂનમબેન માડમ, ૩૧ ઇન્ફેન્ટ્રી બ્રિગેડના કમાન્ડર બ્રિગેડિયર સિદ્ધાર્થ ચંદ્ર, જામનગરના કલેક્ટર ડો. સૌરભ પારધી IAS, ઓલ્ડ બોય્સ ઓફ સૈનિક સ્કૂલ એસોસિએશન (OBSSA)ના વાઇસ પ્રેસિડેન્ટ્ કર્નલ હરેશ લિંબાચિયા અને ડો. ભરતસિંહ ગઢવી માનવંતા મહેમાનો તરીકે ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય અતિથિએ આગમન વખતે, શહીદોના સ્મૃતિ સ્મારક શૌર્ય સ્તંભ ખાતે પુષ્પગુચ્છ અર્પણ કર્યો હતો. ત્યારબાદ, નવી બાંધવામાં આવેલી છોકરાઓની હોસ્ટેલ 'સરદાર પટેલ હાઉસ'નું મુખ્ય અતિથિના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતું જ્યારે નવીનીકરણ કરવામાં આવેલી છોકરીઓની હોસ્ટેલ 'અહલ્યાબાઇ હાઉસ'નું લોકસભાના સાંસદ પૂનમબેન માડમના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતું. હીરક જયંતિના પ્રારંભિક પ્રસંગે શાળાના ઓડિટોરિયમમાં સાંસ્કૃતિક પ્રેઝન્ટેશન હાથ ધરવામાં આવ્યું હતું જેનો આરંભ બાલાચડી સૈનિક સ્કૂલના આચાર્ય ગ્રૂપ કેપ્ટન રવિન્દર સિંહના આવકાર પ્રવચન સાથે થયો હતો. આવકાર સંબોધનમાં, આચાર્યએ શાળાની ૬૦ વર્ષની કીર્તિપૂર્ણ સફર પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે સ્કૂલના આદ્યસ્થાપકો, પૂર્વ વહીવટકર્તાઓ અને સ્ટાફે સ્કૂલના વિકાસમાં આપેલા યોગદાનને યાદ કરીને તેમને અંજલી પાઠવી હતી. તેમણે સંરક્ષણ મંત્રાલય સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવા બદલ રાજ્ય પ્રત્યે કૃતજ્ઞતાની ભાવના વ્યક્ત કરી હતી. આનાથી સ્કૂલમાં વિશ્વ કક્ષાના ધોરણો લાવીને એકંદરે સ્કૂલનો વિકાસ કરવામાં મદદ મળી રહેશે. સાંસ્કૃતિક કાર્યક્રમમાં, કેડેટ ક્રિશ્ના વાઢેરે સરસ્વતી વંદના પર સૌને મંત્રમુગ્ધ કરી દેનારું નૃત્ય રજૂ કર્યું હતું અને ત્યારબાદ સ્કૂલના શિક્ષકો અને કેડેટ્સે પ્રેરણાદાયક ગીતો ગાયા હતા. આ પ્રસંગે, ફિલ્ડ માર્શલ સેમ માણેકશો, ફિલ્ડ માર્શલ કે.એમ. કરિપ્પા અને ભારતીય વાયુસેનાના માર્શલ અર્જૂનસિંહના પેઇન્ટિંગનું અનાવરણ કરવામાં આવ્યું હતું. જામનગરના સાંસદ પૂનમબેન માડમે તેમના સંબોધન દરમિયાન કહ્યું હતું કે, એક મહિલા પ્રતિનિધિ તરીકે અને મહિલા સશક્તિકરણ સમિતિના સભ્ય તરીકે તેમને ઘણી ખુશી છે કે, બાલાચડી સૈનિક સ્કૂલ દ્વારા બેટી બચાવો, બેટી બઢાઓને ધ્યાનમાં રાખીને ગર્લ્સ કેડેટ્સને પણ પ્રવેશ આપવામાં આવે છે. આ ઉપરાંત, સૈનિક સ્કૂલ સબકા સાથ, સબકા વિકાસની પણ રજૂઆત કરે છે. ઉપસ્થિતોને સંબોધન કરતી વખતે મુખ્ય અતિથિએ હીરક જયંતિની ઉજવણી બદલ અને આ હીરક જયંતિ વર્ષે છઠ્ઠા ધોરણમાં છોકરીઓની પ્રથમ બેચને પ્રવેશ આપવા બદલ તમામ અધિકારીઓ, સ્ટાફ અને કેડેટ્સને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું હતું કે, તેઓ ખાખી ગણવેશ પહેરીને રાષ્ટ્રની સંરક્ષણ સેવાઓમાં યોગદાન આપતી ગુજરાતની દીકરીઓને જોવા માંગે છે. તેમણે ઑનલાઇન માધ્યમથી જોડાયેલા સ્કૂલના કેડેટ્સને ભારપૂર્વક કહ્યું હતું કે, તેઓ હંમેશા મોટા અને ઊંચા વિચારો રાખે અને ક્યારેય નિષ્ફળતાઓથી નાસીપાસ ના થાય. તેમણે તમામ વિદ્યાર્થીઓને આવનારા દિવસો માટે ખૂબ જ સારી સફળતાની શુભેચ્છા પાઠવી હતી. અંતે, બાલાચડી સૈનિક સ્કૂલના નાયબ આચાર્ય લેફ્ટેનન્ટ કમાન્ડર મનુ અરોરાએ આભાર વચન રજૂ કર્યા હતા અને સ્કૂલના ગીતની રજૂઆત સાથે કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો હતો.

### ભાવનગર, રાજકોટ, અમદાવાદમાં જીએસટીના વ્યાપક દરોડા

# રૂ.૧૦૦૦ કરોડથી વધુનું બોગસ બિલીંગ કૌભાંડ, કરચોરીનો આંક હજુ પણ વધે તેવી શકયતા

(પ્રતિનિધિ)અમદાવાદ,તા.૯

રાજયના જીએસટી વિભાગની એન્ફોર્સમેન્ટ વિંગે ભાવનગર, રાજકોટ અનેમાં વ્યાપક દરોડા પાડી રૂ.૧૦૦૦ કરોડથી વધુનું બોગસ બીલીંગ કૌભાંડ ઝડપી લીધુ હોવાનું જીએસટીના ઉચ્ચસ્તરીય સૂત્રોમાંથી જાણવા મળ્યું છે, જો કે હજુ પણ આ તપાસનો દોર ચાલુ છે અને બોગસ બીલીંગ કૌભાંડનો આંક હજુ વધુ જાય તેવી પુરી શકયતા છે.

જીએસટી વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત માહિતી અનુસાર, સ્ટેટ જીએસટીની એન્ફોર્સમેન્ટ વિંગને મળેલી ગુપ્ત બાતમીના આધારે જીએસટીના અધિકારીઓ અને ઈન્સ્પેકટરોની જુદી જુદી ટુકડીઓ ભાવનગર, રાજકોટ અને અમદાવાદમાં ૭૦ જેટલા જુદા જુદા વેપારી એક્મોના સ્થળોએ ત્રાટકી હતી અને બોગસ બીલીંગ અંગે તપાસ હાથ ધરી હતી. જેમાં મોટાભાગના વેપારીઓ લોખંડ ભંગાર અને કોપર સ્ક્રેપના છે. અહીં નોંધવું ઘટે કે, રાજયમાં છેલ્લા કેટલાક સમયથી મોટાભાગે લોખંડ ભંગાર અને કોપર સ્ક્રેપ કોમોડીટીમાં બોગસ બીલીંગનું કૌભાંડ થઈ રહ્યું હોવાની ફરિયાદ ઉઠી હતી. જેના આધારે જીએસટી વિભાગે ભાવનગર, રાજકોટ અને અમદાવાદમાં ૭૦ જેટલા જુદા જુદા વેપારી એકમોની તપાસ હાથ ધરતા રૂ.૧ હજાર કરોડથી વધુનું બોગસ બીલીંગ કૌભાંડ હોવાનું પ્રકાશમાં આવ્યું છે. .

સૂત્રોમાંથી મળતી વિગત મુજબ જીએસટી વિભાગને બાતમી મળી હતી કે મૂળ ભાવનગરનો અને હાલ અમદાવાદનો અફઝલ સવજાણી નામનો શખ્સ ૨૦ જેટલી બોગસ કંપનીઓ ઓપરેટ કરી અને બોગસ બીલીંગ કૌભાંડ કરી રહ્યો છે. આથી જીએસટીની ટીમોએ અત્યંત ગુપ્ત રાહે આ શખ્સને શોધી કાઢ્યો હતો. આ શખ્સે અત્યાર સુધીમાં ૭૦૦ કરોડથી વધુનુ બોગસ બીલીંગ કૌભાંડ કર્યુ હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. હજુ આ શખ્સની પુછપરછ ચાલુ છે ત્યારે હજુ મોટુ કૌભાંડ નીકળવાની પુરી શકયતા છે. દરમ્યાન અફઝલ પાસેથી ભાવનગરમાં ફેકટરી અને અમદાવાદમાં ઓફીસ ધરાવતી માધવ કોપર પ્રા.લી. નામની પેઢીએ પણ મોટા પાયે ખોટી ક્રેડીટ લીધી હોવાનું ધ્યાન આવતા રૂ.૮૦ કરોડથી વધુની કરચોરી ખુલવા પામી છે. જીએસટી વિભાગની ટીમે આ પેઢીના સાત થી આઠ સ્થળોએ દરોડા પાડી તપાસ હાથ ધરી છે.

# છૂટાછેડા બાદ પત્નીએ બીજા લગ્ન કરી લેતા પૂર્વ પતિએ ઝેરી દવા ગટગટાવી આપઘાત કર્યો

વડોદરા,તા.૯

વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના અંબાવ ગામમાં છૂટાછેડા લીધા બાદ મહિલાના બીજી જગ્યાએ લગ્ન નક્કી થઇ જતા પૂર્વ પતિએ ઝેરી દવા ગટગટાવી આપઘાત કર્યો હતો. જેને પગલે પરિવારમાં શોકની લાગણી વ્યાપી હતી. પાદરા પોલીસે આ મામલે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના અંબાવ ગામ ગામમાં રહેતા અને હેર સલૂનની દુકાન ધરાવતા ૨૭ વર્ષીય ભાવેશ મનહરભાઇ નાઇના ૬ વર્ષ પહેલા જ્ઞાતિની જ યુવતી સાથે થયા હતા. નાઇ દંપતીને ૫ વર્ષનો પુત્ર હતો. બંને વચ્ચે કોઇ કારણસર અણબનાવ બનતા મામલો છૂટાછેડા સુધી પહોંચ્યો હતો અને સમાજના વડીલો તેમજ બંને પરિવારના વડીલો વચ્ચે સમાધાનનો કોઇ અવકાશ ન જણાતા ભાવેશ અને તેની પત્નીના છૂટાછેડા થયા હતા.

છૂટાછેડા બાદ પત્ની તેના ૫ વર્ષના પુત્રને લઇને પિયર જતી રહી હતી, ત્યાર બાદ પૂર્વ પત્નીનું અન્ય સ્થળે બીજા લગ્ન ગોઠવાઇ ગયા હતા. જે અંગેની જાણ પૂર્વ પતિ ભાવેશને થતાં તેઓ માનસિક ડિપ્રેશનમાં આવી ગયા હતા જેના કારણે ભાવેશે આવેશમાં આવીને ઝેરી દવા ગટગટાવી ગયો હતો, જેથી તેની તબિયત લથડતા અર્ધ બેભાન જેવી હાલતમાં સારવાર અર્થે વડોદરા શહેરની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

### મુખ્યમંત્રી બાળ સેવા યોજના' હેઠળ હવે

# બાળકો ને ૨૧ વર્ષની વય સુધી માસિક રૂ. ૪,૦૦૦ની સહાય આપવામાં આવશે

(પ્રતિનિધિ)અમદાવાદ,તા.૯

મુખ્યપ્રધાન વિજય ભાઈ રૂપાણીએ કોરોનામાં માતા પિતાની છત્ર છાયા ગુમાવતા અનાથ અને નિરાધાર બનેલા બાળકો સાથે ગાંધીનગરમાં યોજાયેલા 'મોકળા મને' સંવાદ કાર્યક્રમમાં સંવેદનશીલ જાહેરાત કરી હતી કે મુખ્યમંત્રી બાળ સેવા યોજના' હેઠળ હવે બાળકો ને ૨૧ વર્ષની વય સુધી માસિક રૂ. ૪,૦૦૦ની સહાય આપવામાં આવશે. આ યોજનામાં વય મર્યાદા અગાઉ ૧૮ વર્ષની હતી તે વધારીને હવે ૨૧ વર્ષની કરવામાં આવી છે. એટલે કે કોરોના માં માતા પિતાનું અવસાન થતા નિરાધાર થયેલા બાળક ની વય ૨૧ વર્ષ થતા સુધી રાજ્ય સરકાર દર મહિને ૪૦૦૦ ની સહાય આવા બાળક ને આપશે. મુખ્યપ્રધાન વિજયભાઇ રૂપાણીએ સી.એમ. કોમન મેન તરીકે રાજ્યના વિવિધ સમાજ-વર્ગો સામે મુક્ત મને સંવાદ-ગોષ્ઠી માટે શરુ કરેલી મોકળા મને સંવાદ શૃંખલાની વધુ એક કડી સંપન્ન કરી હતી. તદઅનુસાર, મુખ્યપ્રધાને કોરોના સંક્રમણના આ કાળમાં જેમણે પોતાના માતા-પિતાની છત્રછાયા ગુમાવી છે. કોરોનાથી માતા-પિતાનું અવસાન થતાં નિરાધાર બન્યા છે તેવા બાળકોને મુખ્યપ્રધાન નિવાસસ્થાને બોલાવીને તેમની સાથે લાગણીસભર સંવાદ પિતૃવાત્સલ્ય ભાવથી કર્યો હતો. રાજ્યના ૩૩ જિલ્લાઓમાંથી આવા ૩૫ જેટલા નિરાધાર-અનાથ બાળકોને મુખ્યપ્રધાન નિવાસસ્થાને વિજયભાઇ રૂપાણી સાથે સીધા સંવાદની આ મોકળા મને કાર્યક્રમ અંતર્ગત તક મળી હતી. બાળકો સાથે તેમના પાલક વાલીઓ પણ જોડાયા હતા.

મુખ્યપ્રધાને ભારપૂર્વક કહ્યું કે, કોરોનાને કારણે નિરાધાર થયેલા બાળકોનો ભવિષ્યનો વિચાર કરીને જ રાજ્ય સરકારે 'મુખ્યમંત્રી બાળ સહાય યોજના' શરૂ કરી છે. નિરાધાર બાળકોનું ભાવિ રોળાઈ ન જાય તેની સંપૂર્ણ સંવેદનાથી બાળકના વાલી બનીને બાળકના આધાર બનવાનો સેવા યજ્ઞ આ રાજ્ય સરકારે આદર્યો છે.કોરોના મહામારીના આ સંક્રમણ દરમિયાન જે બાળકોના માતા-પિતા બંનેનું અવસાન થયું છે તેવા બાળકોના ભરણપોષણ, શિક્ષણ, આરોગ્ય અને સ્વરોજગારી માટે તાલીમ-લોન અને સહાય પૂરી પાડવા આ યોજના શરૂ કરી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વની એન.ડી.એ સરકારને સફળ સાત વર્ષ પૂર્ણ થવા અવસરે આ 'મુખ્યમંત્રી બાળ સેવા યોજના' ગુજરાતમાં કોરોનાથી માતા-પિતા ગુમાવી ચૂકેલા નિરાધાર બાળકો પ્રત્યે સંપૂર્ણ સંવેદનાથી શરૂ કરવામાં આવી છે.

ગુજરાતે બાળકોના બાળપણથી લઇને રોજગાર મળતાં સુધીની સર્વાંગી કલ્યાણ યોજના શરૂ કરવાની પથદર્શક પહેલ કરી છે એમ પણ તેમણે જણાવ્યું હતું. જેમના માતા-પિતા બંનેનું કોરોનાના સમયગાળા દરમિયાન અવસાન થયું હોય તેવા પ્રત્યેક બાળકને આવક મર્યાદા ધ્યાને લીધા વિના ૧૮ વર્ષની ઉંમર સુધી દર મહિને રૂ. ૪,૦૦૦ રાજ્ય સરકાર આ મુખ્યમંત્રી બાલ સેવા યોજનાની લાભ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. હવે, આ વયમર્યાદા ૧૮થી વધારીને ૨૧ કરવામાં આવી છે. રાજ્યભરમાં આવા ૭૭૬ જેટલા નિરાધાર બાળકોને બાળક દીઠ રૂ. ૪,૦૦૦ની સહાય અન્વયે હજુ બે દિવસ પહેલાં જ કુલ ૩૧.૦૪ લાખની સહાય ડી.બી.ટી. થી બેંક ખાતામાં આપવામાં પણ આવેલી છે.

૧૪ વર્ષથી ઉપરની વયના બાળકો માટે વૉકેશનલ તાલીમ અને ૧૮ વર્ષથી ઉપરના બાળકોને સ્કીલ ડેવલપમેન્ટ તાલીમ પણ મુખ્યમંત્રી બાળ સેવા યોજના અંતર્ગત આપવાની વિશેષ જોગવાઈ કરવામાં આવી છે. આના પરિણામે વ્યવસાયલક્ષી શિક્ષણમાં પણ નિરાધાર બાળકોને તજજ્ઞતા મળશે. ૨૧ વર્ષ પૂર્ણ કર્યા બાદ પણ જે યુવક-યુવતીઓ ઉચ્ચ અભ્યાસ સાથે જોડાયેલા હોય તેમને અભ્યાસના વર્ષ અથવા તેમની ૨૪ વર્ષની ઉંમર પૂરી થાય એમાંથી જે વહેલું હોય ત્યાં સુધી આફ્ટર કેર યોજના અન્વયે દર મહિને રૂ. ૬,૦૦૦ની સહાયનો લાભ પણ આપવામાં આવશે. એટલે કે, તમામ પ્રકારના સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો આ યોજના માટે માન્ય ગણાશે.

### પરેશ રાવલ, ફરહાન અખ્તર, મૃણાલ ઠાકુર અને

# રાકેશ ઓમપ્રકાશ મહેરાએ વડોદરા સાથે તુફાનની વર્ચ્યુઅલ સિટી ટુર શરૂ કરી

વડોદરા, ૦૯

એમેઝોન પ્રાઇમ વિડિયો ઉપર તુફાનના લોંચ પહેલાં પરેશ રાવલ, ફરહાન અખ્તર, મૃણાલ ઠાકુર અને રાકેશ ઓમપ્રકાશ મહેરા સહિત તુફાનની ટીમે વડોદરા સાથે વર્ચ્યુઅલ સિટી ટુરની શરૂઆત કરી હતી. પોતાના પ્રકારની પ્રથમ વર્ચ્યુઅલ ટુરમાં તેઓ મીડિયા, ચાહકો તેમજ વિવિધ હીરો સાથે ચર્ચા કરતાં જોવા મળશે. ફિલ્મના મુખ્ય અભિનેતા અને કો-પ્રોડ્યુસર ફરહાન અખ્તરે તુફાન માટે તેમની પ્રથમ વર્ચ્યુઅલ સિટી વિઝિટ અંગે વાત કરતાં જણાવ્યું હતું કે, ભારતના બીજા રાજ્યોની માફક ગુજરાત સમૃદ્ધ સંસ્કૃતિ અને પ્રેરણાદાયી વાર્તાઓની જમીન છે. તે દેશના કેટલાંક મહાન રમતવીરોનું ઘર છે અને તેમના યોગદાનથી આપણને ગર્વ અપાવે છે. એક પ્રોડ્યુસર અને એક્ટર તરીકે મને વડોદરાના સ્થાનિક મીડિયા સાથે ચર્ચા કરવાની તક મળવા અંગે હું ખુશ છું, જેનાથી હું તેમને તુફાનની પાવરફુલ અને પ્રેરણાદાયી સ્ટોરી અંગે જાણકારી આપી શક્યો છું. આ વર્ષોમાં રાજ્ય તરફથી મળેલા પ્રેમ અને સહયોગને જોવો આનંદ આપે છે. તેમણે ઉમેર્યું હતું કે, તુફાન સાથે મેં શીખ્યું છે કે એક વ્યક્તિ શારીરિક રીતે ગમે તેટલો મજબૂત હોય, પરંતુ બોક્સર હોવું કંઇક અલગ જ વાત છે. મેં ૮થી૯ મહિના સખત શારીરિક તાલીમ લીધી છે અને આ ભૂમિકા માટે માનસિક રીતે સજ્જબન્યો છું. આ ભૂમિકા મારા હૃદયની ખૂબજ નજીક છે. એમેઝોન પ્રાઇમ વિડિયો દ્વારા એક્સલ એન્ટરટેઇનમેન્ટ અને આરઓએમપી પિક્ચર્સ સાથે પ્રસ્તુત તુફાન એક પ્રેરણાદાયી સ્પોર્ટ્સ ડ્રામા છે, જેને રિતેશ સિધવાની, રાકેશ ઓમપ્રકાશ મહેરા અને ફરહાન અખ્તરે પ્રોડ્યુસ કરી છે.


ગુજરાત રાજ્ય
માર્ગ અને મકાન વિભાગ (યાંત્રિક)
ટેન્ડર નોટીસ નં. ૧ સને ૨૦૨૧-૨૨

| | |
|---|---|
| ૧. કામનું નામ | કાર્ટીંગ ઓફ એલ.ડી.ઓ.(L.D.O.) ફ્રોમ આસોજ (IOCL) ડેપો ટૂ સયાજીપુરા ડી.એમ. પ્લાન્ટ સાઇટ, વડોદરા |
| ૨. કામની અંદાજીત રકમ | રૂ. ૭૮,૩૦૦/- |
| ૩. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ | તા. ૧૭/૦૭/૨૦૨૧ , ૧૮:૦૦ કલાક |
| ૪. ભાવ ભરેલ ટેન્ડર રજી. એડી./ સ્પીડ પોસ્ટથી પરત મોકલવાની છેલ્લી તારીખ | તા. ૨૬/૦૭/૨૦૨૧ , ૧૮:૦૦ કલાક |
| ૫. ટેન્ડર ખોલવાની સંભવિત તારીખ | તા. ૨૭/૦૭/૨૦૨૧, ૧૨:૦૦ કલાક |
| ૬. કચેરીનું નામ તથા સરનામું | નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી., વડોદરા યાંત્રિક(મા. મ) પેટા વિભાગ નં.૨, રેલ્વે ગોદી, પ્લેટફોર્મ-૭ ની સામે, છાણી રોડ. વડોદરા-૩૯૦ ૦૦૨. ફોન : ૦૨૬૫- ૨૭૯૩૮૭૧ |

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, યાંત્રિક (મા.મ.) પેટા વિભાગ નં. ૨, વડોદરા દ્વારા આ કામ માટે અનુભવી ઇજારદારો/ટ્રાંસપોર્ટ માલિકો પાસેથી સીલ બંધ કવરમાં આર.પી.એ.ડી. થી વાર્ષિક ભાવો મંગાવવામાં આવે છે. ફર્મના લેટર પેડ પર અરજી સાથે ઇજારદારે જીએસટી રજીસ્ટ્રેશન, પાન કાર્ડની નકલ, એજન્સીના એલ.ડી.ઓ. ટેંકરની લેટેસ્ટ આર.સી.બુકની પ્રમાણિત નકલ, આ પ્રકારના અનુભવનું પ્રમાણપત્ર તથા ટેન્ડર ફી રૂ. ૩૦૦/- ભર્યેથી કોરા ટેન્ડર ડોક્યુમેન્ટ કચેરી સમય ૧૨.૦૦ થી ૧૬.૦૦ દરમ્યાન મળી શકશે. પોસ્ટ થી ટેન્ડર મંગાવનારે ટેન્ડર દીઠ રૂ. ૧૫૦/- વધારાના જમા કરાવવાના રહેશે. કોઇપણ કે બધા ટેન્ડર અસ્વીકારવાનો ખાતાનો અધિકાર અબાધિત રહેશે. વધુ વિગતો માટે અત્રેની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે. (માહિતી-વડો-૪૧૨-૨૧-૨૨)



પશ્ચિમ રેલવે દ્વારા બાંદ્રા ટર્મિનસ ⇄ ઝાંસી વચ્ચે દોડતી વિશેષ ટ્રેનની ટ્રીપ્સને લંબાવાઈ

| ટ્રેન નં. | ક્યાંથી | ક્યાં સુધી | સેવાના દિવસો | સુધી લંબાયેલ |
|---|---|---|---|---|
| ૦૨૨૦૦ | બાંદ્રા ટર્મિનસ | ઝાંસી | શનિવાર | ૨૭.૧૧.૨૦૨૧ |
| ૦૨૧૯૯ | ઝાંસી | બાંદ્રા ટર્મિનસ | ગુરુવાર | ૨૫.૧૧.૨૦૨૧ |

રોકાણ સંબંધિત વિગતવાર સમય માટે કૃપા કરીને www.enquiry.indianrail.gov.inની મુલાકાત લો.
ફક્ત આરક્ષિત ટિકિટ ધરાવતા મુસાફરોને જ આ વિશેષ ટ્રેનમાં ચઢવાની મંજૂરી આપવામાં આવશે.
મુસાફરોને બોર્ડિંગ દરમિયાન, મુસાફરી દરમિયાન અને લક્ષ્યસ્થાન દરમિયાન તમામ ધોરણો, COVID-19 થી સંબંધિત એસ.ઓ.પી.નું પાલન કરવાની સલાહ આપવામાં આવે છે
ટ્રેન નંબર ૦૨૨૦૦ ની લંબાવાયેલ ટ્રીપ્સનું બુકિંગ ૧૦ મી જુલાઈ, ૨૦૨૧ થી નામાંકિત પીઆરએસ કાઉન્ટર્સ અને આઈઆરસીટીસી વેબસાઇટ પર ખુલશે. ઉપરની ટ્રેનો સંપૂર્ણ આરક્ષિત ટ્રેન તરીકે દોડશે.
પશ્ચિમ રેલવે
www.wr.indianrailways.gov.in
અમને લાઈક કરો: facebook.com/WesternRly
અમને ફોલો કરો: twitter.com/WesternRly
બધી આરક્ષિત ટિકિટો માટે ઓળખપત્ર સાથે રાખો.



પશ્ચિમ રેલવે દ્વારા
અમદાવાદ –ચેન્નાઈ સેન્ટ્રલ અને ઈંદોર-લિંગમપલ્લી
સાપ્તાહિક હમસફર વિશેષ ટ્રેનો લંબાવી

| ટ્રેઈન નં. | પ્રારંભ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | સેવાનો દિવસ | તારીખથી વિસ્તાર |
|---|---|---|---|
| ૦૯૨૨૦ | અમદાવાદ-ચેન્નઈ સેન્ટ્રલ | સોમવાર | ૧૨.૦૭.૨૦૨૧ |
| ૦૯૨૧૯ | ચેન્નઈ સેન્ટ્રલ-અમદાવાદ | બુધવાર | ૧૪.૦૭.૨૦૨૧ |
| ૦૯૦૧૬ | ઈંદોર-લિંગમપલ્લી | શનિવાર | ૧૭.૦૭.૨૦૨૧ |
| ૦૯૦૧૫ | લિંગમપલ્લી-ઈંદોર | રવિવાર | ૧૮.૦૭.૨૦૨૧ |

આ ટ્રેનો આગળના આદેશ સુધી ચાલશે
વિરામસ્થાનના સમયપત્રકની વિગતવાર માહિતી માટે જુઓ www.enquiry.indianrail.gov.in
માત્ર કન્ફર્મ ટિકિટધારક મુસાફરોને જ આ સ્પેશિયલ ટ્રેઈન્સમાં બેસવા દેવાશે
મુસાફરોને વિનંતી છે કે ટ્રેનમાં બેસવા, મુસાફરી દરમિયાન અને ગંતવ્યસ્થાને કોવિડ-૧૯ના તમામ ધોરણો, પ્રક્રિયાઓના ધારાધોરણો (એસઓપીઝ) પૂરેપૂરા પાડવાં.
પશ્ચિમ રેલવે
www.wr.indianrailways.gov.in
લાઇક કરો: facebook.com/WesternRly
ફોલો કરો: twitter.com/WesternRly
મહેરબાની કરીને તમામ રિઝર્વ્ડ ટિકિટ્સ માટે આઈડી પ્રૂફ સાથે રાખવા



APAR Tomorrow's solutions today
અપાર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ
(CIN : L91110GJ1989PLC012802)
રજી.ઓફિસ : ૩૦૧, પનોરમા કોમ્પલેક્ષ, આર.સી.દત્ત રોડ, વડોદરા-૩૯૦૦૦૭ (ગુજરાત) ઈન્ડીયા
Phone : (0265) 2339906 Fax : (0265) 2330309
E-mail : com.sec@apar.com Website : www.apar.com

અપાર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની
૩૨મી વાર્ષિક સાધારણ સભા યોજવા વિષેની માહિતી

૧. અપાર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (કંપની) ની બત્રીસમી વાર્ષિક સાધારણ સભા (એજીએમ) શુક્રવાર, તા. ૧૩મી ઓગષ્ટ, ૨૦૨૧ ના રોજ બપોરના ૨.૩૦ કલાકે (આઈએસટી) વિડિયો કોન્ફરન્સીગ (વી.સી.) / અન્ય દ્રશ્ય, શ્રાવ્ય સાધનો (ઓએવીએમ) દ્વારા યોજવામાં આવેલ છે, કે જે કંપનીઝ એક્ટ, ૨૦૧૩ અને તેના હેઠળ બનાવવામાં આવેલ નિયમો તેમજ ધી સિક્યુરીટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડીયા (એસઈબીઆઇ) (લીસ્ટીંગ ઓબ્લીગેશન એન્ડ ડિસ્કલોઝર રીકવારમેન્ટસ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ (લીસ્ટીંગ રેગ્યુલેશન્સ) અને તેમાં વખતો વખત કરવામાં આવેલા સુધારાને સામાન્ય પરિપત્ર નં. ૧૪/૨૦૨૦ તા. ૮મી એપ્રિલ, ૨૦૨૦, નં. ૧૭/૨૦૨૦ તા. ૧૩મી એપ્રિલ, ૨૦૨૦, નં. ૨૦/૨૦૨૦ તા. ૫મી મે, ૨૦૨૦ અને નં. ૦૨/૨૦૨૧ તા. ૧૩મી જાન્યુઆરી, ૨૦૨૧ અને અન્ય લાગુ પડતા પરિપત્રો કે જે કોર્પોરેટ બાબતોના મંત્રાલય (એમસીએ) દ્વારા બહાર પાડવામાં આવેલ છે અને સીક્યુરીટીઝ એન્ડ એક્ષ્ચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી) દ્વારા બહાર પાડવામાં આવેલ પરિપત્ર નં. SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 તા. ૧૨મી મે, ૨૦૨૦ અને SEBI/HO/CFD/CMD2/CIR/P/2021/11 તા. ૧૫મી જાન્યુઆરી, ૨૦૨૧ (જે હવે પછી સામૂહિક રીતે પરિપત્રો તરીકે ઓળખાશે) ની સાથે વાંચતા, બહાર પાડવામાં આવેલી જોગવાઈઓના પાલન અર્થે અને ૩૨મી વાર્ષિક સાધારણ સભા યોજવાની સુચનામાં દર્શાવેલ વ્યવહારો કરવા માટે યોજવામાં આવેલ છે.
કંપનીના સદસ્યો ૩૨મી વાર્ષિક સાધારણ સભામાં ફક્ત વીસી/ઓએવીએમના માધ્યમથી જ ભાગ લઇ શકશે. એજીએમ માં ભાગ લેવા માટેની વિસ્તૃત માહિતી એજીએમ માટેની સુચનામાં આપવામાં આવશે. વીસી/ઓએવીએમ ના માધ્યમથી બેઠકમાં ભાગ લેતા સદસ્યોની હાજરી કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ની કલમ ૧૦૩ હેઠળ કોરમના હેતુસર ગણતરીમાં લેવામાં આવશે.
૨. ઉપર જણાવેલ પરિપત્રોનું પાલન કરતા, નાણાંકિય વર્ષ ૨૦૨૦-૨૦૨૧ના વાર્ષિક અહેવાલ સાથે ૩૨મી વાર્ષિક સાધારણ સભા યોજવાની સુચના, એવા સદસ્યો કે જેમનું ઈ-મેઈલ સરનામું કંપની/ ડીપોઝીટરીમાં નોંધાયેલા છે, ફક્ત તેમને જ ઇલેક્ટ્રોનીક માધ્યમથી મોકલવામાં આવશે. સદસ્યો એ પણ નોંધ લે કે સંબંધિત સુચના અને વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઇટ www.apar.com, સ્ટોક એક્સચેન્જની વેબસાઇટ એટલે કે બીએસઇ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડીયા લિમિટેડ (એનએસઇ)ની વેબસાઇટ અનુક્રમે www.bseindia.com, www.nseindia.com પર ઉપલબ્ધ રહેશે. તદ્ઉપરાંત સેન્ટ્રલ ડીપોઝીટરી સર્વિસીસ (ઈન્ડીયા) લિમિટેડ (સીડીએસએલ) કે જે વીસી/ઓએવીએમ દ્વારા વાર્ષિક સાધારણ સભા યોજવા અને રીમોટ ઈ-વોટીગ તેમજ સભા દરમ્યાન ઈ-વોટીગની સુવિધા આપવા નિયુકત કરેલ એજન્સી છે, તેની વેબસાઇટ www.evotingindia.com પર પણ ઉપલબ્ધ રહેશે.
૩. કંપની દ્વારા ઈલેકટ્રોનિક માધ્યમથી દસ્તાવેજો ઉપલબ્ધ કરાવવા માટે ઈમેલ સરનામું અને સીધા બેંક ખાતાઓમાં ડિવિડન્ડ મેળવવા માટે બેંક ખાતાની વિગતોની નોંધણી / સુધારો કરવાની રીત:
(i) ભૌતિક રૂપમાં શેર ધરાવતા સદસ્યો, કે જેમણે કંપની પાસે પોતાના ઈ-મેઈલ સરનામું /બેંક ખાતાની વિગતો નોંધાવેલ નથી, તેમને પોતાના ઈ-મેઈલ સરનામું /બેંક ખાતાની વિગતો તેમના ફોલિયો નંબર દર્શાવતો તથા પાન, આધાર કાર્ડ અને કેન્સલ કરેલ ચેકની સ્વ-પ્રમાણિત નકલો સાથેનો એક ઈ-મેલ investor.services@apar.com પર મોકલીને કંપની પાસે પોતાના ઈ-મેઈલ સરનામું /બેંક ખાતાની વિગતો નોંધાવી દેવાની વિનંતી કરવામાં આવે છે.
(ii) ડીમટીરીયલાઇઝડ સ્વરૂપમાં શેર ધરાવતા સદસ્યો, કે જેમણે ડિપોઝીટરી પાર્ટીસીપન્ટસ પાસે પોતાના ઈ-મેઈલ સરનામું /બેંક ખાતાની વિગતો નોંધાવેલ નથી, તેમને તેઓ તેમના ડિમેટ ખાતાંઓ જેમની સાથે જાળવી રાખે છે તે ડિપોઝીટરી પાર્ટીસીપન્ટસ સાથે પોતાના ઈ-મેઈલ સરનામું /બેંક ખાતાની વિગતો નોંધાવવા/સુધારો કરાવવાની વિનંતી કરવામાં આવે છે.
(iii) વૈકલ્પિક રીતે, સદસ્યો તેમનું ઈ-મેઈલ સરનામું, મોબાઈલ નંબર, પાન અને બેંક ખાતાની વિગતો નીચે જણાવેલી લીન્ક પર પણ નોંધણી / સુધારો કરી શકે છે.
https://www.linkintime.co.in/EmailReg/Email_Register.html
૪. ઈવોટીંગ દ્વારા મતદાન કરવાની પધ્ધતિ:
(i) સદસ્યોને ૩૨મી વાર્ષિક સાધારણ સભા યોજવાની સૂચનામાં દર્શાવેલ વ્યવહારો પર ઈલેકટ્રોનીક વોટીગ સિસ્ટમ એટલે કે ઈ-વોટીંગથી મત આપવાની તક ઉપલબ્ધ રહેશે.
(ii) એજીએમ ની સૂચનામાં જે સદસ્યો ડીમટીરીયલાઇઝડ સ્વરૂપમાં શેર ધરાવે છે, ભૌતિક સ્વરૂપમાં શેર ધરાવે છે અને એવા સદસ્યો જેમણે એમનું ઈમેઈલ સરનામું નોધાવ્યું નથી તે કેવી રીતે રીમોટ ઈ-વોટીગ કરી શકશે તે જણાવવામાં આવ્યુ છે. આ વિગતો કંપનીની, બીએસઇ, એનએસઇ અને સીડીએસએલની વેબસાઇટ પર પણ ઉપલબ્ધ રહેશે.
(iii) ઇલેક્ટ્રોનીક વોટીગ સિસ્ટમના માદયમથી ઈ-વોટીગની સુવિધા એજીએમના સમયે પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. માત્ર એવા શેર ધારકો કે જેઓ એજીએમ માં વીસી/ઓએવીએમ ના માદયમથી ભાગ લઈ રહયા છે અને જેમણે રીમોટ ઈ-વોટીગથી ઠરાવો પર પોતાનો મત આપ્યો નથી અને જેઓને અન્ય રીતે એવું કરવાથી બાકાત કરવામાં આવ્યા નથી, તેઓ જ એજીએમ દરમિયાન ઈ-વોટીગ ઉપલબ્ધ સિસ્ટમથી મત આપવાને પાત્ર ગણાશે.
૫. ૩૨મી એજીએમની તા. ૩૧મી મે, ૨૦૨૧ ની સુચનામાં જણાવેલી નોંધો, અને ખાસ કરીને એજીએમ માં જોડાવા માટેની સૂચનાઓ, રીમોટ ઈ-વોટીગ દ્વારા અથવા એજીએમ દરમિયાન ઈ-વોટીગ દ્વારા મત આપવાની પદ્ધતિ, કાળજી પૂર્વક વાંચી જવા સદસ્યોને વિનંતી છે.

બોર્ડ ઓફ ડાયરેક્ટર્સના આદેશથી
અપાર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ વતી,
સંજયા કુંદર
કંપની સેક્રેટરી

સ્થળ : મુંબઈ
તારીખ : જુલાઈ ૦૯, ૨૦૨૧